# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

*India's National Spiritual Newspaper*

₹ 10/-

(ECHO GROUP)

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAANS

**Editor : S. SAM SELVA RAJ** **16 Languages** **Associate Editor : Bro. Pankaj C. Wadia**

VOL: XXIII YEAR OF OUR LORD JESUS CHRIST, 2021 - JUNE NO: 5


## પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**ગીતશાસ્ત્ર ૯૧ : ૧-૧૦**

૧. પરાત્પરના ગુપ્તસ્થાનમાં જે વસે છે તે સર્વસમર્થની છાયામાં રહેશે.

૨. હું યહોવા વિષે કહીશ કે, તે મારો આશ્રય તથા કિલ્લો છે; એજ મારો દેવ છે, તેના પર હું ભરોસો રાખું છું.

૩. કેમ કે તે પારધીના પાશથી અને નાશકારક મરકીથી તને બચાવશે.

૪. તે પોતાના પીંછાથી તને ઢાંકશે, અને તેની પાંખો તળે તને આશ્રય મળશે; તેની સત્યતા ઢાલ તથા બખતર છે.

૫. રાત્રે જે ધાસ્તી લાગે છે તેથી, અથવા તો દહાડે ઊડનાર તીરથી,

૬. અંધારામાં ચાલનાર મરકીથી કે, બપોરે મહામારીથી તું બીહીશ નહિ.

૭. તારી બાજુએ હજાર અને તારે જમણે હાથે દશ હજાર માણસો પડશે; પણ તે તારી પાસે આવશે નહિ.

૮. તું માત્ર, નજરે જોશે. તું દુષ્ટોને મળેલો બદલો દેખશે.

૯. કેમ કે, હે યહોવા, તું મારો આધાર છે! તે પરાત્પરને તારો આશ્રય કર્યો છે;

૧૦. તારા પર કંઈ દુઃખ આવી પડશે નહિ; મરકી તારા તંબુની પાસે આવશે નહિ.




***ખ્રિસ્તીની પ્રીતિ જે માણસની સમજશકિતની બહાર છે, તે તમે સમજી શકો કે, તમે દેવની સર્વ સંપૂર્ણતા પ્રમાણે સંપૂર્ણ થાઓ."*** *(અફેસીઓને પત્ર ૩:૧૯).*

***" તે બાપની આગળ હું ઘુંટણે પડીને વિનંતી કરૂં છું કે, તે પોતાના મહિમાની સંપત્તિ પ્રમાણે પોતાના આત્મા વડે તમને આંતરિક મનૂષ્યત્વમાં સામર્થ્યથી બળવાન કરે; અને વિશ્ર્વાસથી તમારાં હૃદયોમાં ખ્રિસ્ત વસે, જેથી તમારાં મૂળ પ્રીતિમાં ઘાલીને અને તેમાં પાયો નાખીને, તમે સર્વ સંતોની સાથે ખ્રિસ્તની પ્રીતિની પહોળાઈ, લંબાઈ, ઊંચાઈ તથા ઊંડાઈ કેટલી છે તે સમજી શકો, અને ખ્રિસ્તની પ્રીતિ જે માણસની સમજશક્તિની બહાર છે, તે તમે સમજી શકો કે, તમે દેવની સર્વ સંપૂર્ણતા પ્રમાણે સંપૂર્ણ થાઓ." (એફેસીઓને પત્ર ૩:૧૬-૧૯).***

***" જેથી હવે પછી આપણે બાળકોના જેવા માણસોની ઠગાઈથી, ભ્રમણામાં નાખવાની કાવતરાં ભરેલી યુક્તિથી દરેક ભિન્ન ભિન્ન મતરૂપી પવનથી ડોલાં ખાનારા અને આમતેમ***

(અનુસંધાન પાન ૩ પર)

### અમારા વહાલા ભાઈઓ અને બહેનોને એક પ્રેમભરી વિનંતી

જેમ તમે જાણો છો અમારી જરૂરીયાતો જેવી કે કાર્યાલયવર્ગનો પગાર, કાગળ ખરીદવાનો ખર્ચ અને મૂસાફરી ખર્ચ પૂરા કરવા માટે અમે સખત તંગી અનુભવીએ છીએ. પણ અમે એવા લોકો, જેઓ આ મિનિસ્ટ્રીને ખરેખર ચાહે છે, તેમને વિનંતી કરીએ છીએ કે તમારા દાનો મનીઓર્ડર ચેક અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ, અનેઇએફટી, પેપાલ PayPal (Sam Selva Raj@echoofhiscall.org) ફોન પે Phone Pay (9841271858) જીપે GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ અથવા અન્ય પદ્ધતિથી મોકલી શકો છો અને આ મિનિસ્ટ્રીમાં અમને સહાય કરી શકો છો. જ્યારે તમે તમારી સહાય મોકલો છો, ત્યારે કૃપા કરીને અમને એસએમએસ, વોટ્સઅપ અથવા ફોનથી સૂચિત કરો. જેઓ અમને સહાય કરે છે, તેમની પ્રત્યે અમે ઘણો આભાર વ્યક્ત કરીએ છીએ. **ઇશ્ર્વર પ્રભુ તમને જરૂરથી આશીર્વાદિત કરશો.**

" ... ભાઈ પડતી દશાને માટે જન્મો છે." નીતિવચનો ૧૭:૧૭


**સંપાદક-ઇકો ઓફ હીજ કોલ**

+91 9841271858 / 9841071858

Email : sam@echoofhiscall.org

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

(ECHO GROUP)



## from your dearly beloved brother...



**"અમે તારા ઘરની ઉત્તમતાથી તૃપ્ત થઈશુ"** (ગીતશાસ્ત્ર ૬૫:૪)

**OUR MISSION POLICY**
We should expound and teach the contemporary generation the undiluted teachings of the ancient and early Apostles. It is the need of the hour.


**CHIEF EDITORS**
Pastor S. Sam Selva Raj
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Bro. M. Paul Raj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.

**CORE ADVISORS**
Aud. K. Puratchivendan, M.Com., B.L.
Er. C.G.S. Babu Rao, B.Tech., M.Tech (DM)
Dr. S. Rabinder Boaz, M.S.
Dr. J.R. Jeyabalan
Adv. N. Balaji, B.Com., B.L.
Sis. Ajitha Mary, M.A.



**PUBLISHER, PRINTER & PROPRIETOR**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**E.Mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org /
www.echoofhiscall.com


પ્રભુમાં પ્રિય વહાલા ભાઈઓ અને બહેનો,

હું મારા કુટુંબના સભ્યો અને મિનિસ્ટ્રી સાથે હાથ મીલાવીને આપણા પ્રેમાળ તારનાર ઇસુ ખ્રિસ્ત કે જેઓ આ આખી સૃષ્ટિનું તેમના વચનો દ્વારા નિયંત્રણ કરે છે, તેમનો આભાર માનું છું અને તેમની સ્તુતિ કરૂં છું.

હા, આપણા જીવનની દરેક બાબતોમાં ઇશ્વર આપણી પ્રત્યે ભલા છે. તેઓ રક્ષણ કરે છે, પૂરૂ પાડે છે અને આપણી દરેક પરિસ્થિતિઓમાં તેમના સામર્થ્યથી આપણને સામર્થ્યવાન કરે છે. તેઓ આપણા કુટુંબનું રક્ષણ કરે છે. પાછલા મહિનામાં જ્યારે કોવિડ-૧૯નો આપણા પર હુમલો થયો ત્યારે તેમણે આપણા કુટુંબનું રક્ષણ કર્યુ છે. અમારા કપરા સમયનાં જે ભાઈઓ અને બહેનો અમારી સાથે ઊભા રહ્યા અને અમને પ્રાર્થનાનાં ઘરી રાખ્યા, તેમનો અમે આભાર માનીએ છીએ.

જે ભાઈઓ અને બહેનોએ આ અમારી મિનિસ્ટ્રીના સૌથી મુશ્કેલ સમયમાં અમારી સાથે ઊભા રહીને તેમની પ્રાર્થના દ્વારા અને ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીની વિવિધ જરૂરીયાતો પૂરી પાડવામાં સહાયતા આપી, તેમનો અમે આભાર માનીએ છીએ. અમે અમારી જરૂરીયાતો જેવી કે કાર્યાલય કર્મચારીઓનો પગાર, કાગળ ખરીદવાનો ખર્ચ, વગેરે માટે ઘણું દબાણ અનુભવી રહ્યા છીએ.

સામાન્યરીતે અમે અમારી જરૂરીયાતો માટે અન્યોને કહેતા નથી. પણ જેઓ આ મિનિસ્ટ્રીને ખરેખર પ્રેમ કરે છે, એવા લોકોને અમે વિનંતી કરીએ છીએ કે તમારા દાનો આ મિનિસ્ટ્રીને મનીઓર્ડર, ચેક, ડીમાન્ડ ડ્રાફ્ટ, અનેઇએફટી, પેપાલ PayPal (samselvaraj@ echoofhiscall.org) ફોન પે Phone Pay (9841271858) જીપે GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ અથવા અન્ય કોઇ રીતે મોકલશો અને આ મિનિસ્ટ્રીને સહાય કરશો. જ્યારે તમે તમારી સહાય મોકલશો, કૃપા કરીને અમને તેની જાણ એસએમએસ, વોટ્સઅપ અથવા ફોન દ્વારા કરશો. જેઓ અમને સહાય કરી રહ્યા છે તે સર્વનો આભાર. ઇશ્વર પ્રભુ તમને નક્કી આશીર્વાદિત કરશે.

હાલમાં, ભારત સરકારે અમારૂં ઓવરસીજ બેન્ક ખાતું બંધ કર્યુ છે અને અમે નવા ખાતાનો નંબર મેળવવાની અપેક્ષા રાખી રહ્યા છે. તેથી, જ્યાં સુધી તમને અમારા તરફથી જાણ નહિ થાય, ત્યાં સુધી નીચે આપેલા બેન્ક ખાતામાં તમારી સહાય અમને મોકલશો.

**Sam Selva Raj**
State Bank of India
Triplicane Branch, Chennai,
Account No.: 10232934679
IFSC Code : SBIN 0000249
Swift Code : SBI NIN BB 455

અમે તમને ઘણો પ્રેમ કરીએ છીએ. અમને આનંદ છે કે છેલ્લા પાંચ દશકોથી તમે અમારી સાથે છો. તેને કારણે અમે કોઈ પણ જાતની અડચણ વગર અમારી સામયિક મિનિસ્ટ્રીને વ્યવસ્થિત રીતે સંભાળી રહ્યા છીએ, બાઇબલકોર પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ઇશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ, નહેમ્યાહ બાઈબલ કોલેજો, મંડળીઓ, વગેરે.

તમારી તરફથી સાંભળવાની આશા રાખી રહ્યા છીએ, " જે પુરુષ યહોવા પર શ્રદ્ધા રાખે છે, ને જેનો આધાર યહોવા છે તે આશીર્વાદિત છે. તે પાણીની પાસે રોપેલા વૃક્ષના જેવો થશે, જે નદીની પાસે પોતાના મૂળ ફેલાવે છે, ને ગરમીનો વખત આવશે ત્યારે તેને કોઈ ડર રહેશે નહિ, પણ તેનાં


**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ☼ BIBLECOR - Postal Courses (3 languages) ☼ Theological Correspondence Courses (2 languages) ☼ Church Planting ☼ Nehemiah Bible Colleges ☼ Gospel Printing Press ☼ Great Commission Partners ☼ St. Paul's Matriculation School ☼ Crusades ☼ Community Development

પાંદડા, લીલા રહેશે; અને સુકવણાના વર્ષમાં તે ચિંતાતુર થશે નહિ, ને તે ફળ આપ્યા વિના રહેશે નહિ." (યર્મિયા, ૧૭:૭.૮).

કોવિડ-૧૯ વાયરસ બીજી લહેર તરીકે આગલી પહેલી લહેર કરતા પણ વધુ તીવ્રતા અને વિનાશ સાથે સર્વ દેશોમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. ભારત, યુએસએ, ગ્રેટ બ્રિટન જેવા દેશો અને મોટાભાગના યુરોપિયન દેશો ખરાબ રીતે અસર પામ્યા છે. આ કપરા સમયમાં આપણી પાસે ઇશ્વરને પ્રાર્થના કરવા સિવાય બીજો માર્ગ નથી. આ વાયરસ તરત ફેલાતો થોભી જાય અને તે હમેશા માટે નાબૂદ થઈ જાય.

અમે ઇશ્વર પ્રભુની પાંખો હેઠળ તમારા રક્ષણ માટે સતત પ્રાર્થના કરી રહ્યા છીએ. " નક્કી તે પારધીના પાશથી અને નાશકારક મરકીથી તમને બચાવશે." (ગીતશાસ્ત્ર ૯૧:૩).

ઇશ્વર તમને આશીર્વાદ આપો!

ખ્રિસ્ત ઇસુમાં તમારા સેવકો,

**પાળક એસ. સામ સેલ્વરાજ અને એલેક્ષ સેમસન સામ**
+91 98412 71858 / 98410 71858
Email : sam@echoofhiscall.org

(પાન ૧ પરથી આગળ)

***ફરનારા ન થઈએ; પણ પ્રેમથી સત્યને અનુસરીને, ખ્રિસ્ત જે શિર છે, તેમાં સર્વ પ્રકારે વધીએ." (અફેસીઓને પત્ર ૪:૧૪,૫)***

### ખ્રિસ્તી જીવન -પ્રથમ પગથિયું




પ્રભુ ઇસુ ખ્રિસ્તનો આપણા તારનાર તરીકે સ્વીકાર કરવો, બાપ્તિસ્મા લેવું અને દેવળમાં હાજરી આપવી; આ સર્વ ખ્રિસ્તી જીવનનું પ્રથમ પગથિયું છે. આ પગથિયા ભર્યા પછી ઘણા લોકો થોભી જાય છે. તેઓ ખ્રિસ્તીઓ તરીકેની સર્વ બાહ્ય ઔપચારિકતાઓને અનુસરે છે. સાધારણ ખ્રિસ્તી જીવન જીવવું, જે સરેરાશ ખ્રિસ્તી જીવે છે, તે હમેશાં જોખમભર્યુ છે. તે કોઈ પણ સમયે આફત લાવી શકે છે. તેથી આપણે બીજુ પગથિયું ચઢવું જોઈએ. પવિત્રશાસ્ત્ર કહે છે આપણે હવે બાળકો તરીકે રહેવું ન જોઈએ અને ખ્રિસ્ત જે શિર છે, તેમાં સર્વ પ્રકારે વધીએ. (એફેસીઓને પત્ર ૪:૧૪-૧૫). તેથી આપણે ચોક્કસ વધવું જોઈએ. જ્યાં વૃદ્ધિ થતી નથી ત્યાં સ્થિરતા આવે છે અને આખરે સડો થઇ જાય છે. ઇશ્વરે આપણને ખાસ હેતું માટે તેડ્યા છે. તેમણે આપણને ટોળા તરીકે તેડ્યા નથી. યહોવા દેવે ઇબ્રાહિમને મૂર્તિને પૂજનારાઓ મધ્યેથી તેડ્યો હતો અને તેનામાં સર્વ દેશજાતિઓને આશીર્વાદ આપવાના હતા. તેમણે તમને અને મને પસંદ કર્યા છે એક મોટી જાગૃતિ માટે. તેથી, પ્રથમ પગથિયા પછી આપણે સંપૂર્ણ રીતે ઇશ્વર પ્રભુને સમર્પિત થવું જોઈએ અને ખ્રિસ્ત સાથે અને ખ્રિસ્ત માટે કામ કરવા કોઈ ચોક્કસ નિર્ણયો લેવા જોઈએ.

### ખ્રિસ્તી જીવન -બીજુ પગથિયું




બીજા પગથિયાંમાં આપણે તેમનો આપણા શિર તરીકે સ્વીકાર કરીએ છીએ અને તેમનામાં જડ ઘાલીએ છીએ અને મજબૂત બનીએ છીએ અને વિશ્વાસથી સામર્થ્યવાન બનીએ છીએ. આપણે આપણા દર્શનમાં ચોક્કસ આગળ વધવું જોઈએ, આપણા અનુભવમાં અને જે જ્ઞાન આપણે મેળવીએ છીએ, તેમાં આત્મા સ્પષ્ટતાથી કહે છે કે આપણે વૃદ્ધિ પામનાર બાળક જેવા બનવું જોઈએ. ઇશ્વરનો સંદેશો જે હું તમારી સાથે વહેંચી રહ્યો છું, તે તમારા આત્મિક જીવનને મજબૂત કરશે અને તેઓ તેમના માટે આ દુનિયામાં મહાન કામો કરવાની તક આપશે.

### ૧.જડ સાથે તેમનામાં રોપાયેલા



**તેથી જેમ તમે ખ્રિસ્ત ઇસુ પ્રભુને સ્વીકાર્યો છે તેમ તમે તેનામાં ચાલો, અને તેનામાં જડ ઘાલેલા તથા સ્થપાયેલા થઇને, તથા મળેલી શિખામણ પ્રમાણે વિશ્વાસમાં દઢ રહીને તેની વધારે ને વધારે આભારસ્તુતિ કરો.** (કલોસ્સીઓને પત્ર ૨:૬,૭)

ખ્રિસ્તી જીવન એ દંભી બાહ્ય જીવન નથી. ખ્રિસ્તી જીવન એ એક એવું જીવન છે જે બદલાય છે, દરેક દિવસે બદલાતું રહે છે અને છોડની જેમ વધવા માટે સમર્પિત હોય છે. જ્યારે આપણે જમીનમાં એક છોડ રોપીએ છીએ, તે જમીનમાંથી, હવામાંથી અને સુર્ય પ્રકાશમાંથી પાણી અને બીજા પોષણતત્વો મેળવે છે અને ત્યારે તે સારી રીતે વધે છે. તેવી જ રીતે, એક ખ્રિસ્તી જેણે પ્રભુ ઇસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે, તે ઊંડાણપૂર્વક જડ ઘાલેલો હોવો જોઈએ, એકવાર તમે ખ્રિસ્તમાં ઊંડા રોપાયા હશો, તે પછી તમે દુનિયાનાં કોઈ પણ પડકારનો સામનો કરી શકશો અને દુનિયાની જંગલી હવાઓનો તમારા પર કોઇ અધિકાર રહેશે નહિ. તમે બધી મુશ્કેલીઓ, સમસ્યાઓ વિશ્વાસઘાત અને શંકાઓને મારી હટાવી શકશો. છોડે પોતાની જડ જમીનમાં ઊંડી ઘાલવી જોઈએ જેથી જરૂરી પોષણ મેળવી શકે. આમ જ આપણે ઇશ્વરના જ્ઞાનમાં ઊંડાણપૂર્વક વધવું જોઈએ. પ્રભુ ઇસુ ખ્રિસ્તના દ્રાક્ષવેલાથી શાખાઓ મજબૂત થવી જોઈએ.

જેટલા વધારે આપણે પ્રભુની હજુરમાં રહીશુ અને તેમને વધારે સમય આપીશુ, તેટલા વધારે આપણે ઇશ્વર પ્રભુમાં વધુ રોપાયેલા, જડાયેલા રહીશું. જેટલું આપણે ઇશ્વરના વચન પર પ્રેમ કરીશું (પવિત્રશાસ્ત્ર), વાંચીશું અને આપણા જીવનમાં ઉતારીશું, તેટલા વધુ આપણે ખ્રિસ્તમાં રોપાયેલા રહીશું. આપણે આપણા પવિત્રશાસ્ત્રને ચોક્કસ પ્રેમ કરવો જોઇએ અને વહાલ કરવું જોઈએ. તે વ્યવસ્થિત જગ્યાએ મુકવું જોઈએ. આપણે ધન સલામત અને સુરક્ષિત જગ્યામાં મુકીએ છીએ. નાશ પામનારા ધન કરતા પવિત્રશાસ્ત્રને વધુ મહત્વ

(પાન ૩થી આગળ)

આપવું જોઈએ. ખ્રિસ્તમાં રોપાયેલા લોકોને આપણે બે પ્રકારમાં વહેંચી શકીએ છીએ.

૧) જે લોકો પોતાના જીવનો તેમને સમર્પિત કરે છે. અને

૨) જે લોકો પોતાની ઇચ્છાઓ ઇશ્વર પ્રભુને જણાવે છે.

જે કોઈએ પોતાનું જીવન ઇશ્વરને સમર્પિત કર્યુ છે અને પોતાના વિચારો અને ઇચ્છાઓ અને તેમના જીવનની ભવિષ્યની યોજનાઓની રજુઆત કરી છે, તે એવા લોકો છે જે ઇશ્વર પ્રભુમાં રોપાયેલા છે. તેટલા તમે ખ્રિસ્તમાં રોપાયેલા છો, તેટલા તમે તમારૂં જીવન ઇશ્વર પ્રભુને સમર્પિત કરો છો; તેટલા તમે તમારાં જીવનની જરૂરીયાતોની રજુઆત કરી હશે અને ઇશ્વરની યોજના પર આધાર રાખ્યો હશે, ઇશ્વરની દોરવણી પામવા. એક છોડ એક જ જગ્યાએ રહે અને પોષણ મેળવે તો જ તે વધી શકે છે. જો તમે વારે ઘડીએ છોડ ઉખેડી નાખો છો અને તેને બીજી જગ્યાએ રોપો છો, તેની વૃદ્ધિ થોભી જશે. આપણા જીવનમાં પણ આત્માની કાયમી ભેટો મેળવવા માટે અને ખરી વૃદ્ધિ માટે, આપણે અડગતાથી ઇશ્વરને પકડી રાખવા જોઈએ.

તેથી ભાઇઓ, હું તમને વિનંતી કરીને કહું છું કે, દેવની દયાની ખાતર તમે તમારાં શરીરોનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું, અર્પણ કરો; એ તમારી બુદ્ધિપૂર્વક સેવા છે. આ જગતનું રૂપ તમે ન ધરો; પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઇચ્છા શી છે, તે તમે પારખી શકો. (રોમનોને પત્ર ૧૨:૧,૨)

પ્રથમ, જો તમે ઇશ્વર પ્રભુમાં રોપાયેલા છો, તમારા શરીરનું જીવતું બલિદાન રજુ કરો, એટલે કે તમારૂં જીવન સંપૂર્ણપણે ઇશ્વર પ્રભુને સમર્પિત કરવું. બીજુ, તમારી ઇચ્છાઓ અને અભિલાષાઓને આ જગતની રીતે અનુકુળ થવા ન દો. આપણે બીજીઓને આપણા આદર્શ તરીકે લેવા ન જોઈએ અને તેમની જીવન પદ્ધતિને અનુસરવી ન જોઈએ. તમારે ઇસુ ખ્રિસ્તને તમારા આદર્શ તરીકે માનવા જોઈએ. ખ્રિસ્તમાં રોપાયેલા જીવન માટે આવું જીવન હશે. અને ત્યારે તમે ફળ આપવા બદલાશો અને બીજાઓ માટે આશીર્વાદરૂપ બનશો અને સંતોષકારક જીવન જીવશો.

આજની દુનિયામાં આપણામાંના મોટા ભાગનાનું જીવન રોજિંદુ જેવું થઈ ગયું છે. સવારે આપણે ઉઠીએ છીએ. અને એક નાની પ્રાર્થના કરીએ છીએ, આપણી સવારની પ્રાતવિધિ પતાવીએ છીએ, કંઇક ખાઈએ છીએ, કામ પર જઈએ છીએ, સાંજે પાછા ઘેર આવીએ છીએ, પાછી પ્રાર્થના કરીએ છીએ અને ઊઘી જઈએ છીએ. આપણી પાસે પવિત્રશાસ્ત્ર વાંચવાનો, આરાધના કરવાનો અને ઇશ્વર વિશે અને તેમના અદ્દભૂત માર્ગો વિશે વિચારવાનો સમય નથી. રવિવારે આપણે પવિત્ર જીવન જીવીએ છીએ પણ અઠવાડિયાના અન્ય દિવસોએ નહિ. આ એક જોખમી વલણ છે. ફકત રવિવારે આપણે ઇશ્વર પ્રભુને યાદ કરીએ છીએ અને તેમનું ભજન કરીએ છીએ. આ એક દંભી બાહ્ય દુનિયાનું જીવન છે. આજના ખ્રિસ્તીઓ આવી જીંદગીમાં સંતોષ માને છે. આ પૂરતું નથી. તમારે ઊંડાણથી ખ્રિસ્તમાં રોપાયેલા હોવું જોઈએ.

પવિત્રશાસ્ત્ર આધારીત પુસ્તકો વાંચવું સારૂં છે. પણ તે પવિત્રશાસ્ત્રનો પર્યાય ન બનવો જોઈએ, પણ ફક્ત વધુ વાંચવા અને જાણવા માટે માર્ગદર્શક બનવું જોઈએ. જે વ્યક્તિએ પવિત્રશાસ્ત્ર આધારીત મનનો દરરોજ લખ્યાં હોય, તે પોતાના અનુભવ પરથી કંઇક લખે છે. પણ તે તે દિવસ માટે પુરતું નથી. તે તો ફકત પવિત્રશાસ્ત્ર વિશે વધુ જાણવાનું અને પવિત્રશાસ્ત્રના રહસ્યો સમજવાનું પુસ્તક છે. ફકત તે પુસ્તક વાંચવાથી તે તમારા આત્મિક જીવનમાં પ્રગતિ કરાવશે નહિ.

કેટલાક આવા પુસ્તકો વાંચીને સંતોષ માને છે, કેટલાક કામ પર જવા પહેલા ફક્ત કેલેન્ડર પર છાપેલી કલમ વાંચે છે. કેટલાક પવિત્રશાસ્ત્ર ખોલે છે અને કોઈક કલમ વાંચીને કહે છે કે તેમણે પવિત્રશાસ્ત્ર વાંચ્યું છે. જો તમે આવી દંભી જીંદગી જીવતા હો તો, એક દિવસ એવો આવશે કે તે દિવસે તમે છેતરાઈ જશો. પરીક્ષણને સમયે, જ્યારે તમારા જીવનમાં કોઈ તોફાન આવે છે, જ્યારે તમે શું કરવું તે જાણતા નથી અને તેથી ધ્રુજો છો; ત્યારે તમે નુકસાનમાં હશો કારણ કે તમે ઇશ્વર પ્રભુમાં ઊંડા રોપાયેલા નથી.

જો તમને દિવસભરમાં કોઈ અનુકુળ સમય મળે નહિ, તો સવારમાં ઇશ્વર પ્રભુ આગળ શાંતપણે બેસો અને પવિત્રશાસ્ત્રમાંથી એક પૂર્ણ અધ્યાય વાંચો અને જે તમે વાંચ્યું છે, તેના પર મનન કરો. જ્યારે તમે તે ભાગ વાંચો, યહોવા મારો ઘેટાપાળક છે. આ સવાલ પુછોઃ શું હું યહોવા દેવ આગળ ઘેટું છું? ઇશ્વરે જે માર્ગ મને બતાવ્યો છે, તેને શું હું અનુસરું છું?

આજે શેતાન ખ્રિસ્તીઓને તેના હાથમાં પકડી રાખ્યા છે. તેમને પ્રાર્થના કરવા કે ઇશ્વરના વચનને મહત્ત્વ આપવા દેતો નથી. તમારે પવિત્રશાસ્ત્ર ઇશ્વરની સાથે વાચવુ જોઈએ અને કહેવું જોઈએ, હે યહોવા દેવ, કૃપા કરીને મને જણાવો કે મારા જીવનનો

(અનુસંધાન પાન ૬ પર)


## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે એક પત્રવ્યવહાર અભ્યાસક્રમ રજુ કરીએ છીએ જે બાઈબલના મળભૂત સત્યો વિશે છે જે નવા ખ્રિસ્તીઓ અને બીન-ખ્રિસ્તીઓ માટે અંગ્રેજી, હિન્દી અને તામિલમાં ચાલે છે. તમે અભ્યાસક્રમનું પુસ્તક કે જેનુ મથાળું- નવુ જીવન-તમારા માટે છે અને જે ૭૦ પાનાનું છે, તે મેળવી શકશો. અભ્યાસક્રમ પૂર્ણ થયા પછી, તમને એક પ્રમાણપત્ર મળશે. **આ માટે શુલ્ક ફી ફરજીયાત નથી.** આ અભ્યાસક્રમ ફક્ત ભારતમાં રહેતા ઉમેદવારો માટે જ છે.

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અદ્યતન અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** કહેવાય છે, તે પાળકો માટે, સુર્વાતિકો માટે અને ખ્રિસ્તી આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક આના માટે લેવામાં આવે છે. સાત પુસ્તકો, ૧૪૨ પ્રકરણો સાથે આપવામાં આવે છે. **મિનિસ્ટ્રીમાં પ્રમાણપત્ર** આપવામાં આવશે.

*For more details, write to us.*

**The Chairman, Nehemiah Bible College, Echo of His Call,** 10, Mohammed Abdullah 2nd Street, Opp. Cricket Stadium, Chepauk, Chennai - 600 005, India.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E-mail : biblecor@yahoo.co.in

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨ તિમોથીને પત્ર ૧:૬)



**સ્તુતિ અને પ્રાર્થનાની વિનંતીઓ / મુદ્દાઓ- ૧૯ મે ૨૦૨૧ થી ૧૮ જૂન ૨૦૨૧ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ઈશ્વર કાર્ય કરે છે.

## સ્તુતિનાં મુદ્દાઓ

મે ૧૯ : દુનિયાના સર્વ દેશો પર ઇશ્વરના પુષ્કળ આશીર્વાદોના વર્ષાવ માટે તેમની સ્તુતિ થાઓ.

મે ૨૦ : પાછલા મહિનાના ખર્ચાને પહોંચી વળવા ઇશ્વરની પુષ્કળ દયા માટે આવો ઇશ્વરની સ્તુતિ થાઓ.

મે ૨૧ : મિશન વિસ્તારોમાં અમારા મિશનરીઓની સલામતી માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

મે ૨૨ : લોકડાઊનની પહેલા મુખ્ય મંડળીની પ્રવૃતિઓ અને રવિવારની ભજનસેવા માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

મે ૨૩ : આપણા રાજ્ય સહ સંયોજકો અને તેમના કુટુંબ માટે આવો સ્તુતિ કરીએ.

મે ૨૪ : ઇકો ઓફ હીજ કોલના સહ-સંપાદકો અને તેમના કુટુંબો માટે સ્તુતિ કરીએ.

મે ૨૫ : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારોને અને તેમના કુટુંબના સભ્યોને માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

મે ૨૬ : મુખ્ય મંડળીના અને શાખા મંડળીઓના પાળકો અને વડિલો માટે.

મે ૨૭ : અમારી મુખ્ય મંડળીમાં આવનાર નવા વિશ્વાસીઓને ઇશ્વર આશીર્વાદિત કરો.

મે ૨૮ : અમારૂં સુવાર્તા છાપખાનું અને તેની અવિરત પ્રવૃતિઓ માટે મહેનતું કાર્યકરો સાથે.

મે ૨૯ : અમારી સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળાના આચાર્ય, શિક્ષકો અને કર્મચારીઓ માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

મે ૩૦ : ઇશ્વરે અમારૂં સુવાર્તા સાહિત્ય જે ૧૭ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાય છે અને મિશન વિસ્તારોમાં મોકલાય છે, તેને આશીર્વાદિત કર્યુ છે.

મે ૩૧: ૧૯૬૯થી અમારા સામયિક મિનિસ્ટ્રીના સમર્પિતતા માટે ઇશ્વરના ભરપૂર આશીર્વાદો માટે તેમનો આભાર.

જૂન ૦૧: અમારા બાઇબલકોર અને ઇશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો માટે વધુ વિદ્યાર્થીઓ પૂરા પાડવા માટે ઇશ્વરનો આભાર માનીએ.

જૂન ૦૨: દરેક પ્રકારની મુશ્કેલીઓથી દર સમયે અમને બચાવવા માટે ઇશ્વરનો આભાર માનીએ.

જૂન ૦૩: ઇશ્વર અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને દરેક દુષ્ટ પરિબળોથી રક્ષણ આપે છે.

## પ્રાર્થનાનાં મુદ્દાઓ / વિનંતીઓ

જૂન ૦૪ : અમારા માસિક ખર્ચાઓ માટે આવો ઇશ્વરને પ્રાર્થના કરીએ.

જૂન ૦૫ : અમારી મિશનરી પ્રવૃતિઓ અને વિસ્તરણ માટે પ્રાર્થના કરીએ.

જૂન ૦૬ : અમારા કર્મચારીઓ અને છાપખાનાના કર્મચારીઓને તેમના કામ દરમિયાન અમારા સ્થળમાં સલમત અને તંદુરસ્ત રાખવા માટે.

જૂન ૦૭ : ઇકો ઓફ હીજ કોલના મિશનરી પ્રવૃતિઓમાંના અને સહસંયોજકોના ભાગીદારો માટે પ્રાર્થના કરીએ.

જૂન ૦૮ : અમારા મિશનરી વિસ્તરણ માટે અને દુનિયાભરમાં સુવાર્તાનો પ્રચાર કરવા માટે.

જૂન ૦૯ : આપણા અંગ્રેજી સહસંપાદક ભાઈ એમ. પોલરાજ સંપૂર્ણ સાજાપણું મેળવે અને શાંતિમય જીવન જીવે માટે આવો પ્રાર્થના કરીએ.

જૂન ૧૦ : ભારતના વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા ફેલાવી શકીએ માટે પ્રાર્થના કરીએ.

જૂન ૧૧ : નશા બંધાણીઓ અને દુષ્ટતા કરનારાઓના છુટકારા માટે પ્રાર્થના કરીએ.

જૂન ૧૨ : સર્વ દેશોની એકતા અને શાંતિ માટે પ્રાર્થના કરીએ.

જૂન ૧૩ : દુનિયાની સર્વ મંડળીઓને પ્રામાણિકતામાં મજબૂત થવા પ્રાર્થના કરીએ.

જૂન ૧૪ : ઇકો ઓફ હીજ કોલના દરેક જણને આ કોવિડ-૧૯ના સમયમાં સલામત અને તંદુરસ્ત રાખવા માટે ઇશ્વરને પ્રાર્થના કરીએ.

જૂન ૧૫ : દુનિયામાંથી કોરોના વાયરસની સંપૂર્ણ નાબૂદી માટે ઇશ્વરની દયા માટે પ્રાર્થના કરીએ.

જૂન ૧૬ : મુખ્ય મંડળીના અને શાખા મંડળીના સર્વ સભ્યોના લાભો માટે પ્રાર્થના કરીએ.

જૂન ૧૭ : દુનિયાભરની સ્ત્રીઓ અને બાળકોની સલામતી માટે પ્રાર્થના કરીએ.

જૂન ૧૮ : આપણા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને દરેક પ્રકારના દુષ્ટ પરિબળોથી સુરક્ષિત જીવન માટે સમર્પિત પ્રાર્થના કરીએ.

(પાન૪ થી આગળ...)

ક્યો ભાગ મારે બદલવો જોઈએ? મારી નબળાઇઓ કંઇ છે? મારી ખામીઓ કંઈ છે? મારા પાપો બતાવો. હું ક્યાં જઈ રહયો છું? આગળ વધવા માટે મારે ક્યાં સાચા માર્ગ પર જવું જોઈએ? મારા જીવનની સમસ્યાઓ માટે, તમારૂં વચન મને શું કહે છે?" ઇશ્વરના સેવક કરતા પવિત્રશાસ્ત્ર તમને વધુ ચોક્કસાઇથી કહેશે. હાલેલુયા! "સાવધાન રહો, રખેને ફિલસૂફીનો ખાલી આડંબર જે ખ્રિસ્ત પ્રમાણે નહિ, પણ માણસોના સંપ્રદાય પ્રમાણે ને જગતનાં તત્વો પ્રમાણે છે, તેથી કોઈ તમને ફસાવે." (કલોસ્સીઓને પત્ર ૨:૮).

તેથી આ વિશ્વના પૂરૂષોના કપટ અને ફિલસૂફી મુજબ આજે ઘણા લોકોના જીવનો વ્યર્થ જઇ રહ્યા છે, ત્યારે પવિત્ર આત્મા તમારી સાથે વાત કરશે. તમારૂં ભવિષ્ય જાણવા માટે તમારે કોઈની મદદની જરૂર રહેશે નહિ અથવા કોઈ જગ્યાએ જવું નહિ પડે. તેમનામાં ઊંડે સુધી રોપાયેલા રહો. ખાલી કપટથી સાવધ રહો.

## ૨. તેમનામાં સ્થપાવો



પવિત્રશાસ્ત્ર કહે છે," તેમનામાં જડ ઘાલેલા તથા સ્થપાયેલા થાઓ."(કલોસ્સીઓને પત્ર ૨:૭).

આપણે ઇસુ ખ્રિસ્ત પર બંધાવાનું છે, આપણે તેમના પર બંધાવાનું છે અને એક નગર જે સાથે નક્કર હોય.

"ખ્રિસ્તની વાત સર્વ જ્ઞાનમાં પુષ્કળતાથી તમારામાં રહે; ગીતો, સ્તોત્રો તથા આત્મિક ગાયનોથી એકબીજાને શીખવો તથા બોધ કરો, અને કૃપાસહિત તમારાં દદયોમાં પ્રભુની આગળ આવો." (કલોસ્સીઓને પત્ર ૩:૧૬).

આપણામાંના કેટલા આનંદથી ઇશ્વરની સ્તુતિ કરીએ છીએ? આપણે પણ નક્કરતા સાથે બાંધવું જોઈએ. જે લોકો આપણી તરફ જોઇ રહ્યા છે, તેઓએ કહેવું પડે કે આપણે ઇશ્વરના બાળકો છીએ. આપણે નક્કરતાથી બાંધવું જોઈએ કે જે લોકો સાથે આપણે સંકળાયેલા છીએ, તેઓ આપણામાં ઇશ્વરનો પ્રેમ જોઈ શકે. ઇશ્વરનું જાય રાખનાર માણસ આ રીતે આશીર્વાદ પામશે. આપણે તેમના પર બાંધવું જોઈએ જેથી બીજાઓની સેવા કરી શકાય, બીજાઓને મદદ કરી શકાય, બીજાઓને શીખવાડી શકાય અને એવું બધું. ત્યારે આપણે બીજાઓને માટે આશીર્વાદરૂપ બનીશું. આજે ઘણા બધા લોકોના જીવન પોતાના પર બંધાયેલા છે, પોતાની ઇચ્છા પર બંધાયેલા, નહિ કે ઇશ્વરની. તેથી તેમના જીવનમાં ફળ નથી, ત્યાં વૃદ્ધિ થતી નથી. આપણે ખરા સમયે બાંધવમાં નિષ્ફળ જઈએ છીએ ત્યારે આપણે નિષ્ફળતાનો સામનો કરીએ છીએ.

જ્યારે ફક્ત તમારા જીવનમાં કંઈક મુશ્કેલી આવે ત્યારે જ ઇશ્વર તરફ જોવું તે જોખમી બાબત છે. જ્યારે તમારા જીવનમાં સર્વ બરાબર હોય, ત્યારે તમારે ચોક્કસ ઇશ્વરને પ્રેમ કરવો જોઈએ. જો તમે એવું કરો તો, તમે તેમના પર બાંધી શકશો. જ્યારે કોઈ વ્યક્તિ જીવનમાં સગવડ મેળવે છે, તે ઇશ્વરને ભુલી જાય છે. તે દેવળે જવાનું છોડી દે છે. સર્વ સગવડો મેળવ્યા પછી, જો તમે ઇશ્વરને ધિક્કારો છો, જ્યારે પ્રતિકુળતા આવશે ત્યારે કોઈ તમને મદદ કરશે નહિ. આપણે એ ક્યારેય ન ભુલવું જોઇએ કે ઇશ્વરે આપણને કંઇક માટે નીમ્યા છે, જે આપણી આંખો જોઈ શકતી નથી. આ દુનિયાની સર્વ બાબતો નાશ થવા માટે જ છે. પણ જે આપણા માટે અભિષિક્ત છે, તે શાશ્વત છે. આ આપણે ભુલનું ન જોઇએ.

તમારા પર પવિત્ર આત્માનો અભિષેક છે અને તમે દેવનું મંદિર છો. તમારા મિનિસ્ટ્રીયલ કામોનું શું? જેઓ પોતાના જીવનોનું બલિદાન આપવા તૈયાર છે સુવાર્તા માટે, તેઓ આજે પોતાની મિનિસ્ટ્રીથી દૂર ભાગી રહ્યા છે. જ્યારે જરૂરત હતી ત્યારે તેઓ ઇશ્વરમાં વિશ્વાસ રાખતા હતા અને જ્યારે તેમની જરૂરીયાતો પરીપૂર્ણ કરવામાં આવી, ત્યારે તેઓ તેમની દેવની સેવાથી દૂર ભાગી રહ્યા છે. કેટલાક માબાપો ચિંતિત છે કારણ કે તેમના બાળકો તેમની આજ્ઞા પાળતા નથી. તેમની આજ્ઞાભંગનું કારણ છે તેમના માબાપ. પવિત્રશાસ્ત્ર કહે છે કે જ્યારે તમે પવિત્રશાસ્ત્ર ભુલી જશો, ત્યારે ઇશ્વર પ્રભુ તેમના બાળકોને ભુલી જશે. (હોશિયા ૪:૬). આજે ઘણા કુટુંબોમાં સમસ્યા તેમના બાળકો છે. જ્યારે તમારા બાળકો નાના હતા, તમે તેમને તમારા હાથોએ ઊંચકતા હતા અને દેવળમાં સાથે લાવતા હતા. અને જ્યારે તેઓ મોટા થાય છે ત્યારે તેમણે તમને અનુસરવું જોઈએ. જો આ સ્થિતિ તમારા કુટુંબમાં નહિ હોય, તો ક્યાંય કશુંક ખોટું થઇ રહયું છે. તમે ઇશ્વરના બાળકો છો. તમારે પણ તમારા બાળકોને ઇશ્વર પ્રભુનાં માર્ગોમાં ઉછેરવા જોઇએ. ત્યારે આશીર્વાદ તમારા બાળકો પર પણ આવશે.

## ૩. તેમની સાથે ચાલવું



**"તમે પૂર્ણ રીતે પ્રભુને પ્રસન્ન કરવાને સારૂં યોગ્ય રીતે વર્તો, અને સર્વ સારાં કામમાં તેનું ફળ ઉપજાવો, અને દેવ વિષેના જ્ઞાનમાં વધતા જાઓ." (કલોસ્સીઓને પત્ર ૧:૧૦).**

તમારે ઇશ્વરનું પાત્ર બનવું જોઇએ, એવી રીતે જીવીને જેથી ઇશ્વરને પ્રસન્નતા થાય. પાપીઓના માર્ગમાં ચાલો નહિ. ઇશ્વરના જ્ઞાનમાં વધો. તમારી જાતને ઇશ્વરને સોંપો. એવી જગ્યાઓમાં જશો નહિ જ્યાં ખરાબ પ્રવૃત્તિઓ થઇ રહી છે. આવી જગ્યાઓમાં તમારા બાળકોને પણ જવા દેશો નહિ. જો તમે જશો, એક દિવસ એવો આવશે જ્યારે તમને બચાવવા તમે ઇશ્વરને પોકારશો. તમે રડશો. તેથી જ્યારે ઇશ્વર તમને ચેતવણી આપે છે, ત્યારે તમારે ઇશ્વરની સાથે ચાલવાનું શીખવું જોઈએ. ઇશ્વર સાથે બાબતો કરવાની ટેવ રાખો. ગીતશાસ્ત્ર ૧:૧ સ્પષ્ટપણે તમને કહે છે," જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી, જે પાપીઓના માર્ગમાં ઊભો રહેતો નથી, તેને ધન્ય છે!" જે માણસ ખ્રિસ્તને જાણતો નથી,, તેનું ન સાંભળો. તમારે માણસો સાથે ચાલવાનું નથી, અન્યાયીઓની સાથે નહિ, દુનિયાની સાથે નહિ કે તમારા મિત્રો સાથે નહિ પણ ફકત ખ્રિસ્તની સાથે.

## ૪. તમારા વિશ્વાસમાં દ્રઢ રહો.



પરિસ્થિતિ ખરાબ કે સારી હોય, આપણે આપણા વિશ્વાસમાં દ્રઢ રહેવું જોઈએ. જ્યારે

પરિસ્થિતિ સારી હોય ત્યારે વિશ્વાસમાં દ્રઢ રહેવું સહેલું છે. કદાચ ત્યાં વિશ્વાસની જરૂર નહિ હોય. પણ ઇબ્રાહિમ વિશ્વાસનો સ્થંભ હતો જ્યારે તે ઘણી અસંભવિત પરિસ્થિતિમાં હતો. જ્યારે તે ૭૫ વર્ષની વયનો હતો ત્યારે ઇશ્વરે તેને પુત્રની ખાતરી આપી હતી અને તે ૯૯ વર્ષનો થયો ત્યાં સુધી તેણે રાહ જોઈ. તેણે બડબડાટ ન કર્યો. તેણે પૂર્ણ વિશ્વાસ સાથે ઇશ્વર પર ભરોસો રાખ્યો. તેણે વિશ્વાસ રાખ્યો કે જ્યારે ઇશ્વરે ખાસ કંઇક કહ્યું છે, તે નક્કી થશે. જે હેતુ માટે તમને તેડવામાં આવ્યા છે, તેમાં જો તમે એકલા ઉભા હો, તો પણ તમારે દ્રઢ ઊભા રહેવાનું શીખવું જોઈએ.

આજના મિત્રો કદાચ આવતી કાલના શત્રુઓ હોઇ શકે. તેથી તમારા મિત્રો કે ધન પર વિશ્વાસ રાખો નહિ. ફક્ત ઇશ્વર પ્રભુ પર વિશ્વાસ રાખો. તમારો વિશ્વાસ દ્રઢ રાખવાનો તે એકમાત્ર માર્ગ છે.

### ૫. વિશ્વાસમાં વૃદ્ધિ




તમે હવે નાના નથી. વિશ્વાસમાં વધો. વિશ્વાસમાં તમે અસાધારણ બાબતો કરી શકશો. તમે મહાન કાર્યો કરી શકશો અને આપણી વિરૂદ્ધ જે દુષ્ટ પરિબળો આવે તેની સામે વિજય મેળવી શકશો. પવિત્રશાસ્ત્ર ઇબ્રાહિમ, નૂહ અને બીજા અન્ય પિતૃઓ વિશે કહે છે કે તેઓ વિશ્વાસમાં વૃદ્ધિ પામ્યા હતા.

**"હું તમને ખાચીત ખચીત કહું છું કે, હું જે કામો કરૂં છું તે જ મારા પર વિશ્વાસ રાખનારા પણ કરશેઃ કેમ કે હું બાપની પાસે જાઊં છું."** (યોહાન ૧૪:૧૨).

ઇશ્વર માટે ૫૦૦૦ને જમાડવા માટે બે માછલી અને પાંચ રોટલી પૂરતી હતી. તેથી કોઇક માટે તે જરૂરી નથી કે ધન કમાયા કરે. તેની જરૂરીયાતો પૂરી પાડવામાં આવશે. તે દહાડાને સારૂં તે દહાડાનું દુઃખ બસ છે. (માથ્થી ૬:૩૪). જ્યારે તમે વિશ્વાસમાં વધા છો, તમે ઘણી મહાન બાબતો કરી શકો છો.

**" તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે, ને તમને નીમ્યા છે કે, તમે જઇને ફળ આપો, અને તમારાં ફળ કાયમ રહે; જેથી તમે મારે નામે જે કંઈ બાપની પાસે માગો તે તમને તે આપે." (યોહાન ૧૫:૧૬).**

**કૃપા કરીને વિચાર કરો નહિ કે તમે ઇશ્વરની પસંદગી કરી છે. ના, તમે ઇશ્વરને પસંદ કર્યા નથી; પણ ઇશ્વરે તમને પસંદ કર્યા છે. તેથી વિશ્વાસમાં દ્રઢ બનો.**

◆◆◆

---

# એક એકાકી જીવન

## નવો કરાર–હેન્ડ બુક–રેવ. ડીક વુડવર્ડ

એક અજાણ્યા ગામમાં જન્મેલા, તેઓ એક ખેડુત સ્ત્રીના દીકરા હતા.

તેઓ જ્યારે ત્રીસ વર્ષની વયના થયા ત્યારે એક સુથારની દુકાનમાં કામ કરવા લાગ્યા અને ત્યાં તેમણે ત્રણ વર્ષ સુધી કામ કર્યુ. કોઈક જગ્યાએ થોભીને લોકો સાથે વાતો કરતા, તેમનું સાંભળતા અને તેમને શક્ય તેટલી મદદ કરતા, તેમણે દેશભરમાં મુસાફરી કરી હતી.

તેમણે કોઇ પણ પુસ્તક લખ્યુ ન હતું

તેમની પાસે ક્યારેય જોરદાર વિગત ન હતી.

તેઓ કોલેજમાં ક્યારે પણ ગયા ન હતા.

તેમણે ક્યારે પણ જાહેર કાર્યાલય ચલાવ્યું નહિ.

તેમનું કુટુંબ ન હતું અને તેમનું પોતાનું ઘર ન હતું. મોટા કામો સાથે સરખાવવા જેવું કોઇ કામ તેમણે ક્યારેય કર્યુ ન હતું.

તેમની પાસે પરીચયપત્રો નહતા પણ તેઓ સઘળા મળીને પણ આવુ એકાકી જીવન જીવ્યા ન હતા તેઓ આ માણસના પૃથ્વી પરના જીવનને અસર પહોચાડી શક્યા ન હતા.

બે હજાર વર્ષ પહેલા જ્યારે ઇસુ આ પૃથ્વી પર ચાલ્યા હતા, ત્યારે તેમણે અલગ અલગ વિવિધતાવાળા લોકોના જીવનોને સ્પર્શ્યા હતા. શાસ્ત્રીઓ અને ફરોશીઓને બોલ્યા હતા. તેમણે કહ્યું કે જાહેર લોકો અને વેશ્યાઓ જેમણે યોહાન બાપ્તિસ્મીનો ઉપદેશ સાંભળીને પસ્તાવો કર્યો હતો, તેઓ દેવના આકાશના રાજ્યમાં તેમની પહેલા પ્રવેશ કરશે! આ તેમની લોકોને કહેવાની રીત હતી, "તમારા વ્યવસાય, તમારા બાહ્ય વસ્ત્રો, તમારા આત્મિક દરજ્જાના પ્રતિકો, તે આકાશમાં તમારી જગ્યાને ખાતરી આપતા નથી. તમે કેવી રીતે જીવો છો-તમારા જીવનોની હકીકત દર્શાવે છે કે ઇશ્વર તમારા રાજા નથી અને તમે તેમના વફાદાર લોકો નથી, જે તેમની દ્રાક્ષવાડીમાં, તેમની આ પૃથ્વી પરની ઇચ્છા પ્રમાણે કામ કરતા હોય, જેમ તે આકાશમાં થાય છે તેમ."

કે આપણે ખરા છીએ! ખ્રિસ્તી સંસ્થાની દુનિયા એક અસાધારણ ભાર વિશ્વાસ, સિદ્ધાંત અને તત્વજ્ઞાન પર મૂકે છે.

એક મોટો મુદ્દો લાગે છે, "શું તમે તે નિર્ણય અથવા વ્યવસાય કર્યો છે? શુ તમે મંડળીમાં જોડાયા છો કે નિર્ણય પત્ર પર સહી કરી છે? શું તમે જાણો છો કે તમે શું માનો છો અને ખરેખર ક્યાં તમે અસમત છો એવા સાથે રાજ્યમાં જેઓ તમે જે વિશ્વાસ કરો છો તેમાં વિશ્વાસ કરતા નથી?" કેટલાક વિશ્વાસીઓ એવું બતાવે છે કે ન્યાયચુકાદો તે તત્વજ્ઞાન પર અંતિમ પરીક્ષા થવાની છે. તો પણ ઇસુ આપણને કહે છે, ન્યાયચુકાદાનો મુદ્દો એ હશે કે શું તમે ભુખ્યાને ખવડાવ્યું છે, માંદાઓની અને જ્યો કેદમાં છે તેઓની મુલાકાત લીધી છે, જેઓ પારકા છે, તેમને પરોણા રાખ્યા છે, તમે નાગાને વસ્ત્ર પહેરાવ્યું છે અથવા તરસ્યાને પાણી પાયું છે? (માથ્થી ૨૫). તેમણે પહાડ પરના ભાષણમાં આપણને કહ્યું છે કે ઘણા કહેશે જ્યારે તેમનો ન્યાય

(અનુસંધાન પાન ૧૦ પર)

**આ તમારી મિનિસ્ટ્રી છે! ઇસુના મહિમા માટે કૃપા કરીને તે કરો!! અમારે વધુ વાચકો જોઈએ છે!!!**

મહેરબાની કરીને નીચે તમારા મિત્રો અને સંબંધીઓના ઓછામાં ઓછા, ૧૦ નામો, સરનામાઓ, ઇમેલ સરનામાઓ, અને સેલ ફોન નંબરો લખો. અમે **ઇકો ઓફ હીજ કોલ સામયિક** તેમને દર મહિને વિના મૂલ્ય મોકલશું.

1. ____________________________________________

____________________________________________

2. ____________________________________________

____________________________________________

3. ____________________________________________

____________________________________________

4. ____________________________________________

____________________________________________

5. ____________________________________________

____________________________________________

6. ____________________________________________

____________________________________________

7. ____________________________________________

____________________________________________

8. ____________________________________________

____________________________________________


# NEHEMIAH BIBLE COLLEGES Estd.:1992

(ECHO GROUP)

## ECHO OF HIS CALL MINISTRIES (ESTD.: 1969)



**Recognised by the International Christian Leaders & Senior Pastors for the 50 Years!**

**Applied for ATA accreditation**

**RESIDENTIAL COLLEGE, Velachery**
**(Medium: English & Hindi)**
Course : Certificate Course / Diploma in Theology
Qualification : 10th Standard

**EVENING COLLEGE, Chepauk & Santhoshapuram**
**(Medium : Tamil)**
**Course** : Certificate Course / Diploma in Theology
*Monday, Tuesday & Thursday at 6.30 p.m. to 8.30 p.m.*
(Evening Classes - Chepauk)
Qualification : 10th Standard

**C.Th. - One Year**
**D.Th. - Two Years**

Classes Start on : 01-08-2021

Golden Opportunity!

Don't miss!!

God is Calling you!!!

**For more Details & Application Forms Please Contact:**
**Pastor S. Sam Selva Raj, Founder - President**
**Nehemiah Bible College**
10, Mohammed Abdullah 2nd Street, Bells Road, Opp. Cricket Stadium, Chepauk, Chennai - 600 005, India.
**Phone : (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766, Cell No : (+91) 98410 71852 95661 31858**
**E.Mail : sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in Website : www.echoofhiscall.org / www.echoofhiscall.com**



# ખાડામાંથી મહેલમાં

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે કોઈ વાંચે, તે તે સમજે" (માથ્થી ૪૪:૧૯)

## "ઇશ્વર તમારા વિરોધને તકોમાં બદલી નાખી શકે છે"

**"માંદાઓને સાજા કરો, રક્તપિત્તીઓને શુદ્ધ કરો, મૂએલાંઓને ઊઠાડો, ભૂતોને કાઢો; તમે મફત પામ્યા, મફત આપો."** (માથ્થી ૧૦:૮)

હાલમાં, એક કટ્ટર બીનખ્રિસ્તી જુવાન માણસ મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે તેની ૪૦ વર્ષની વયની માતા ઘણા સમયથી એક દુ:ખદાયક માંદગીથી પીડાય છે અને જે કંઇ આધ્યાત્મિક અને તબીબી પ્રયત્નો કર્યા તે સઘળા વ્યર્થ ગયા છે. તેણે ઊમેર્યુ કે તબીબી નિષ્ણાંતોએ તેણીની સારવાર છોડી દીધી છે કારણ કે જે કંઈ દવાઓ અને શસ્ત્રક્રિયાઓ તેણી પર અત્યાર સુધી કરી છે, તે વ્યર્થ ગઈ છે. તેમની પાસે ખરચવાનાં નાણાં પણ નથી. પણ તે સ્ત્રીની પીડા દિવસે દિવસે વધતી જાય છે. જુવાન માણસે મને આજીજી કરી કે હું તેની સાથે હોસ્પિટલમાં જાઊં અને તેની માતા માટે પ્રાર્થના કરૂં.

જો કે હું મારા ઉપદેશો આપવામાં વ્યસ્ત હતો, મેં સમય કાઢ્યો અને હું હોસ્પિટલ ગયો. કેમ કે તેણી ઘણી ગંભીર પરિસ્થિતિમાં હતી, તેથી મને વોર્ડની અંદર જવા દિધો નહિ, ત્યારે મેં તેણીના સગાઓને કહયું કે હું મારા દેવળમાં જઇને પ્રાર્થનાકરીશ. પણ તે કુટુંબના સભ્યોએ મને જવા દિધો નહિ અને નાના બાળકની જેમ રડવા લાગ્યા. અને મને ત્યાંજ પ્રભુ ઇસુ ખ્રિસ્તને પ્રાર્થના કરવા મજબૂર કર્યો કે તેમના પર સ્વર્ગીય પિતાના દયાળું હાથની ખાસ કરૂણા સાથે સાજાપણાનો સ્પર્શ રહે.

અંતે, મેં તેમનું માન્યું અને એક જગ્યાએ તેઓ સર્વને એકઠા કર્યા અને પ્રભુ ઇશ્વર તરફથી બળ મેળવ્યું અને તેમની સાથે વાત કરી કે ઇશ્વર પ્રભુ ઇસુ ખ્રિસ્ત માનવીય જીવનમાં મુશ્કેલીઓ, સમસ્યાઓ અને જોખમના સમયોમાં શું કરી શકે છે. તે સ્ત્રીના સજાપણા માટે અમે સાથે મળીને પ્રાર્થના કરી. તરત પ્રાર્થના પૂરી કરતા અને અમારી આંખો ખોલતી વખતે, મેં એક માણસને તેના તબીબી સહાયક સાથે અમારી તરફ આવતા જોયા. તે મારી પાસે આવ્યા અને મારો હાથ પકડયો અને પંદર વર્ષો પહેલા, મારી પ્રાર્થનાઓ દ્વારા એક ખાસ બિમારીમાંથી તેમનો પુત્ર કેવી રીતે સાજો થયો હતો, તે યાદ કરવા લાગ્યા અને મને પૂછયું કે આ ટોળા સાથે હું અહિં કેમ ઊભો છું.

મેં તેમને તે સ્ત્રીની તરતની જરૂરીયાત વિશે જણાવ્યું જે તેણીના જીવન માટે પીડાઇ રહી છે. તેણે જવાબ આપ્યો, "ભાઈ સામ, આ વિભાગનો હું વડો ડોક્ટર છું. તમારો દર્દી પણ મારા સાહાયકોની સારવાર હેઠળ છે. હૂં હવે વ્યક્તિગતરૂપે ત્યાં જઇશ અને જોઈતું કરીશ અને જોઇશ કે તેણીના સાજાપણા માટે યોગ્ય સારવાર મળે છે કે નહિ." તેમણે મને આ સ્થળેથી આત્મવિશ્વાસ સાથે જવા માટે વિનંતિ કરી.

અને થોડા દિવસો પછી કુટુંબના સભ્યો સારા સમાચાર લઈને મારી પાસે આવ્યા કે એક સફળ શસ્ત્રક્રિયા તેણી પર કરવામાં આવી હતી અને તેણીને આગળની સારવાર આપવામાં આવી અને તેણીએ સાજાપણું મેળવ્યું હતું. ઇશ્વરે અમારી પ્રાર્થના સાંભળી હતી અને યોગ્ય વ્યક્તિને તેણીની જરૂરી સારવાર માટે મોકલી હતી. તેઓ વિશ્વાસુ હતા અને ઇશ્વર પ્રભુ અને તારનાર ખ્રિસ્તના નામમાં જે આશીર્વાદ તેમણે મેળવ્યો હતો, તે માટે આભારી હતા.

વહાલા વાંચકો, તેજ ઇશ્વર તમારા માટે પણ હજુ ઉપલબ્ધ છે. તમારા માર્ગો તેમને સમર્પિત કરો અને તેમને તમારા ઇશ્વર પ્રભુ અને તારનાર તરીકે સ્વીકાર કરો. તેઓ તમને અનાથ નહિ મૂકશે. અને તેઓ તમારી પાસે નક્કી આવશે અને તમારી સંભાળ લેશે. (યોહાન ૧૪:૧૮).

***ઇશ્વર તમને આશીર્વાદ આપો.***

***"જે કોઈ જ્ઞાની હશે તે આ વાતો ધ્યાનમાં લેશે.."***(ગીતશાસ્ત્ર ૧૦૭:૪૩).

***"તમારી દિલગીરી આનંદરૂપ થઈ જશે"*** (યોહાન ૧૬:૨૦).

***"જે કોઈ જ્ઞાની હશે તે આ વાતો ધ્યાનમાં લેશે"*** (ગીતશાસ્ત્ર ૧૦૭:૪૩).


**નહેમ્યાહ બાઈબલ કોલેજ**

(ચેન્નાઈ)

**વોર્ડન જોઈએ છે**

**અમને અમારા નહેમ્યાહ નિવાસી બાઇબલ કોલેજ માટે વોર્ડન તરીકે એક થીઓલોજીઅનની જરૂર છે, જે હિન્દી અને અંગ્રેજી ભાષા જાણતા હોય. વેતન, રહેવાનું અને જમવાનું પૂરૂ પાડવામાં આવશે.**

Please contact:
**Pr. Sam Selva Raj.**
Cell : 98412 71858 / 98410 71858
E.mail : sam@echoofhiscall.org

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

(પાન ૭ પરથી આગળ)

પોતે જ હતા. પણ જ્યારે તેઓ ફક્ત ૩૩ વર્ષના હતા, ત્યારે લોકોનો જુવાળ તેમની વિરૂદ્ધ ઊભો કરયો હતો અને તેમના મિત્રોએ તેમનો નકાર કર્યો હતો.

જ્યારે તેમની ધરપકડ કરવામાં આવી ત્યારે થોડાક તેમને માટે કંઈક કરવા માગતા હતા. સુણાવણી પછી, રાજ્ય દ્વારા ઘોષિત ચોરો સાથે તેમને મારી નાખવામાં આવ્યા હતા. એક ઉદાર મિત્ર દ્વારા કબ્રસ્તાનની જમીન ફાળવવામાં આવઈ હતી, તેથી તેમને દાટવાની જગ્યા મળી હતી. આ બધું ૨૦ સદીઓ પહેલા ઘડ્યું હતું અને આજે તે માનવીય દોડમાં આગળ દોરે છે અને પ્રેમનું અંતિમ ઉદાહરણ છે.

હવે આ કહેવાનું અતિશયોક્તિ ભરેલુ નથી કે સર્વ સૈન્ય જેમણે ક્યારેય કુચ કરી ન હતી, સર્વ નાવિકો કે જેમણે ક્યારેય દરીયાઈ મુસાફરી કરી ન હતી, દરેક શાષકો, જેમણે ક્યારેય શાષન કર્યુ ન હતું અને સર્વ રાજાઓ, જેમણે ક્યારેય આ પૃથ્વી પર રાજ કર્યુ ન હતું-તેઓએ

અહિ એક બીજો વિચાર છે જે દરેક અનુભવી પાળકને માટે સ્પષ્ટ છે, કોઇક વખત કોઇ બાહ્ય રીતે પાપીઓ દેખાતા હોય, તે તેમના વ્યવસાય પ્રમાણે, સર્વ આકાશના રાજ્યની પાસે છે, તેમના કરતા જેઓ બાહ્ય રીતે પોતાનો ધાર્મિક વ્યવસાય બતાવે છે.

આજે જ્યારે આપણે આ વિચારો આપણી સંસ્કૃતિમાં અપનાવીએ છીએ, તે આપણે જોઈએ છીએ કે આપણે જે જાણવાની જરૂર છે, તે જીવનના ધ્યેય પર ભાર મૂકે છે. આજની બીનસાંપ્રદાયિક દુનિયામાં અહિ અસાધારણ પરીચયપત્રો પર ભાર મુકાય છે, પણ તેમનો અહિં મુદ્દો છે કે પરીચયપત્રો જરૂરી લાયકાત નથી. પરીચયપત્રો કહે છે કે તમે લાયક છો, પણ અંતે તે આપણી કૃતિ છે જે દર્શાવે છે કે આપણે લાયક છીએ. તેથી જ એક સારી માહિતી આપણો પરીચયપત્ર નથી જે કહે છે કે આપણે લાયક છીએ, પણ આપણી પાછલી વિગતો બતાવે છે અથવા અનુભવ, જે સાબિત કરે છે

કરવામાં આવશે, “ પ્રભુ પ્રભુ,” પણ તેઓ તેમને જતા રહેવા કહેશે કારણ કે તેઓ તેમને ક્યારેય જાણતા ન હતા અને તેમણે પિતાની ઇચ્છા પ્રમાણે કર્યુ નથી. તેમણે પહાડ પરના ભાષણમાં તેમના બોધની પૂર્ણાહુતિ કરતા આપણને કહ્યું કે વ્યવસાય કાર્ય વગર તે પાયા વગરનું ઘર છે, પણ કાર્ય સાથે વ્યવસાય, તે એક મજબૂત ખડક પર બંધાયેલું ઘર છે, જે જીવનના તોફાનમાં પણ અડગ ઊભું રહેશે.

ઇસુ મહાન શિક્ષક હતા અને તેમણે શિક્ષણ પર ભાર મુક્યો હતો. આ સુવાર્તાઓનો ત્રીજો ભાગ, જેમ અમે આગળ કહયું હતું, ઇસુના શિક્ષણથી ભરેલો છે. તે, તેથી કે આપણે જે વિશ્ર્વાસ કરીએ તે મહત્વપૂર્ણ છે. તેઓ મોટો ભાર મુકે છે. બીજા શબ્દોમાં, રાજ્યના પ્રચારમાં અહિં તેમનો મુદ્દો લાગે છે કે પ્રદર્શન વિનાનો વ્યવસાય એ જાહેરાતની વિકૃતિ છે.

♦♦♦


# ECHO OF HIS CALL

**Monthly magazines in 16 languages, Bible Colleges, Postal Courses, Church Planting, Village English High School, Gospel Printing Press, Crusades, Seminars, Social Services, etc.**

**Annual Subscription : Rs. 100/-** **Life Subscription : Rs. 2000/-**

The multifarious activities of **Echo of His Call Ministries** is supported by the free-will offerings and donations of the God's Children like you. You may support **Echo of His Call** and its activities as the Lord leads you. We need your help to send forth the Gospel to the unreached people and plant Churches.

If you would like to receive **ECHO OF HIS CALL** magazines regularly, please write to us. `Whenever you change your postal or E.mail addresses, please do inform us your old and new addresses.

**Echo of His Call** is available in 16 languages in our websites also. You can read them by going into the site as well as downloading them and get blessed.

Your letters, prayer requests and your financial helps (**Money Orders, Cheques or Demand Drafts, NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) PhonePe (98410 71858), Gpay (98410 71858), Western Union, MoneyGram**) to **ECHO OF HIS CALL** may please be sent to the address below.

Please send your **Land Phone / Mobile Phone Numbers and E.mail addresses** for updation.

**ECHO OF HIS CALL,** 10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai - 600 005, India
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766, Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in / Websites: www.echoofhiscall.org / www.echoofhiscall.com

**YOU CAN SEND YOUR DONATIONS BY ONLINE ALSO**



**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th JUNE 2021**

**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**


***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from No.18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers** No. 18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**